175. નીચેના પૈકી કઈ રીતે દરખાસ્ત પાછી ખેંચી શકાય ?

(A) દરખાસ્ત કરનાર દ્વારા નોટિસની બજવણી કરી પરત ખેંચ્યાની જાણ કરી.

(B) સ્વીકારનારના દરખાસ્તની પૂર્વશરત પરિપૂર્ણ કરવામાં નિષ્ફળ જવાથી.

(C) દરખાસ્ત કરનારના મૃત્યુ પામ્યાની કે અસ્થિર મગજના થઈ ગયાની સ્વીકારનારને જાણ થવાથી.

(D) ઉપરની તમામ રીતે

176. જો એક પક્ષકાર બીજા પક્ષકારની ગેરવ્યાજબી વગ (undue influence) વાપરી લીધેલ સંમતિ કરારને .......... બનાવે છે.

(A) કાયદેસર અને બંધનકર્તા (B) શરૂઆતથી જ રદબાતલ

(C) રદ થઈ શકે તેવો (D) અમલી ન થઈ શકે તેવો

171. Which out of the following the agreement is void under section 20 of Indian Contract Act?

(A) A agrees to buy from B certain horse. It turns out that the horse was dead at the time of the bargain, though neither party was aware of the fact.

(B) A, being entitled to an estate for the life of B, agrees to sell it to C. B was dead at the time of the agreement, but both parties were ignorant of the fact.

(C) Both A and B.

(D) None of the above.

172. Which out of the following are valid contracts?

(A) A agrees to sell a horse worth Rs. 1000/- for Rs. 10/-. A's consent to the agreement was freely given.

(B) A supports B's infant son. B promise to pay A's expenses in so doing.

(C) A finds B's purse and gives it to him. B promises to give A Rs. 50/-.

(D) All the above.

173. Which out of the following agreements are void for uncertainty?

(A) A agrees to sell B 'a hundred tons of oil'. There is nothing whatsoever to show what kind of oil was intended.

(B) A agree to sell B 'my white horse for Rs. 500/-or Rs. 1 000/-'.

(C) Both A and B.

(D) None of the above

174. Under which section of the Indian Contract Act,1872 every agreement in restraint of marriage is void?

(A) Section 28.

(B) Section 27.

(C) Section 26.

(D) None of the above

175. A proposal stands revoked by _____ .

(A) communication of notice of revocation by the proposer.

(B) failure of acceptor to fulfill the condition precedent.

(C) death or insanity of proposer to the knowledge of acceptor.

(D) all the above

176. Consent of a one party obtained by exercise of undue influence by the other party makes the contracts _____ .

(A) valid and binding.

(B) voidabintio.

(C) voidable.

(D) Unenforceable

177. કોઈ વ્યક્તિ, અન્ય વ્યક્તિની ઈચ્છા પર પ્રભુતા મેળવવા માટે લાયક ગણી શકાય છે જો અન્ય વ્યક્તિની માનસિક અવસ્થા .......... કારણસર હંગામી કે કાયમી સ્વરૂપે અસરગ્રસ્ત થયેલ હોય.

(A) ઉંમર
(B) માંદગી
(C) માનસિક કે શારીરિક તકલીફ
(D) ઉપરની તમામ બાબતો

178. અવેજ વિનાની લેખિત સ્વરૂપની નોંધણી કરાયેલ સમજૂતી, જે પક્ષકારો વચ્ચે એકબીજા સાથે નજીકના સગપણને કારણે કુદરતી પ્રેમ અને લાગણીથી કરવામાં આવેલ છે તે .......... છે.

(A) રદબાતલ
(B) રદ થઈ શકે તેવી
(C) કાયદેસર
(D) અમલી ન થઈ શકે તેવી

179. દરખાસ્ત જ્યારે સ્વીકૃતી પામે ત્યારે .......... બને છે.

(A) વચન
(B) સમજૂતી
(C) કરાર
(D) અવેજ

180. જે સમજૂતી સમયમર્યાદા ઘટાડીને અને કાયદા દ્વારા સૂચિત સમયથી ઓછો સમય કરવા માગતી હોય તે .......... છે.

(A) કાયદેસર
(B) વ્યર્થ
(C) રદ થઈ શકે તેવી
(D) અમલી ન બની શકે તેવી

181. જે કાર્ય અશક્ય જ છે તે કરવા અંગેની સમજૂતી .......... છે.

(A) વ્યર્થ
(B) કાયદેસર
(C) રદ થઈ શકે તેવી
(D) અમલી ન બની શકે તેવી

182. 'A', 'B' માટે ઘર બાંધે છે. 'B' તેને કહે છે કે સપ્ટેમ્બર 2016 સુધીમાં ઘર તૈયાર થઈ જ જવું જોઈએ કારણ કે તે ભાડૂઆત 'C' ને ભાડે આપવાનું છે. 'A' એટલું ખરાબ ઘર બાંધે છે કે તે જૂલાઈ 2016 માં પડી જાય છે. 'B' ઘર ફરીથી બાંધે છે, જે જાન્યુઆરી 2017 માં પુરું થાય છે. 'B' 'A' પાસેથી કેટલું નુકસાન માગી શકે ?

(A) ફરીથી ઘર બાંધવાની કિંમત
(B) ભાડાનું નુકસાન
(C) 'B' દ્વારા 'C' ને ચૂકવવામાં આવેલ વળતર
(D) ઉપરના તમામ

183. 'A' જો 'B' એડવાન્સમાં રકમ ચૂકવે તો તેના અવેજમાં છ માસ સુધી રંગભૂમિ પર અભિનય કરવા માટેનો કરાર કરે છે. ઘણા પ્રસંગોએ 'A' ખૂબ જ માંદો હોઈ અભિનય કરી શકતો નથી. આ પ્રસંગોએ અભિનય કરવાનો કરાર .......... છે.

(A) કાયદેસર
(B) વ્યર્થ
(C) રદ કરી શકાય તેવો
(D) અમલી ન થઈ શકે તેવો

177. A person is deemed to be in a position to dominate the will of another whose mental capacity is affected temporarily or permanently by reason of _____ .

(A) age.
(B) illness.
(C) mental or bodily distress.
(D) all the above

178. An agreement without consideration, expressed in writing and registered, made on account of natural love and affection between parties standing in a near relation to each other is _____ .

(A) void.
(B) voidable.
(C) valid.
(D) Unenforceable

179. A proposal when accepted becomes a _____ .

(A) promise
(B) agreement
(C) contract
(D) consideration

180. An agreement which seeks to curtail the period of limitation and prescribes a shorter period than that prescribed by law is _____ .

(A) valid
(B) void
(C) voidable
(D) unenforceable

181. An agreement to do an act, impossible in itself is _____ .

(A) void
(B) valid
(C) voidable
(D) unenforceable

182. A constructs a house for B. B tells him that the house must be ready by September 2016 as it is to be given to a tenant C. A builds the house so badly that it falls down in July 2016. B has to rebuild the house which is completed in January 2017. How much damages B can claim from A?

(A) cost of rebuilding the house.
(B) rent lost.
(C) compensation paid by B to C.
(D) all the above

183. A contracts to act at a theatre for six months in consideration of a sum paid in advance by B. On several occasions A is too ill to act. The contract to act on these occasions is _____ .

(A) valid.
(B) void.
(C) voidable.
(D) Unenforceable

184. ‘A’ રૂા. 1000/- ની ઉછીની લીધેલ રકમ પાંચ સરખા હપ્તામાં ‘B’ ને એવી શરત સાથે પરત કરવા સંમત થાય છે કે એક પણ હપ્તો ચૂકવવામાં કસૂર થયેથી તમામ રકમ ચૂકવણીને પાત્ર બનશે. અત્રે આ .......... .

(A) શરત દંડ સ્વરૂપે છે અને અમલી બની શકે નહીં.

(B) શરત દંડ સ્વરૂપે નથી અને કરાર તેની જોગવાઈઓ અનુસાર અમલી બની શકે.

(C) સમજૂતી રદ્દ થઈ શકે તેવી છે.

(D) સમજૂતી રદ્દબાતલ છે.

185. કયા કેસમાં નિરપેક્ષ જવાબદારીનો સિધ્ધાંત ઉદ્‌ભવ્યો ?

(A) રાયલેન્ડ વિ. ફ્લેચર (1868) LR 3 HL 330.

(B) એમ. સી. મહેતા વિ. યુનિયન ઓફ ઇન્ડીયા AIR 1987 SC 965.

(C) ડોનોગ્યુ વિ. સ્ટીવન્સન (1932) AC 562.

(D) શ્રીરામ ફુડ ગેસ લીકેજ કેસ

186. અપકૃત્યની સામેની કાર્યવાહીમાં નીચેના પૈકી કયો સિધ્ધાંત સારો બચાવ છે ?

(A) વસ્તુ સ્વયં બોલે છે

(B) નુકસાનની જપ્તી દ્વારા વસુલાત (Distress damage feasant)

(C) જે સ્વેચ્છાએ હાનિ સ્વીકારે છે તે વળતરને પાત્ર નથી.

(D) જ્યાં હક ત્યાં ઉપાય

187. રાયલેન્ડ વિ. ફ્લેચરના કેસમાં પ્રસ્થાપિત થયેલ ચુસ્ત જવાબદારીના સિધ્ધાંતનો દૈવી કૃત્યનો અપવાદ .......... .

(A) ભારતની અદાલતોમાં લાગુ પડતો નથી.

(B) ભારતની અદાલતોમાં ચુસ્ત રીતે લાગુ પડે છે.

(C) ભારતના ઉચિત કાયદાઓ સુધારીને લાગુ પાડવામાં આવેલ છે.

(D) ભારતના બંધારણમાં ઉમેરવામાં આવેલ છે.

188. પ્રતિનિધિત્વક જવાબદારીનો ખ્યાલ નીચેનામાંથી કયા સિધ્ધાંત પર આધારિત છે ?

(A) કાનૂની ઈજા વગરનું નુકસાન

(B) નુકસાન વગરની કાનૂની ઈજા

(C) વસ્તુ સ્વયં બોલે છે

(D) જે અન્ય દ્વારા કરે છે, તે પોતે જ કરે છે

189. અપકૃત્યોના કાયદામાં નીચેના પૈકી કયો કેસ નુકસાનની દુરગામિતા સાથે સંકળાયેલ છે ?

(A) ડોનોગ્યુ વિ. સ્ટીવન્સન

(B) યુસુપોફ વિ. મેટ્રોગોલ્ડન મેયર્સ પિક્ચર્સ

(C) વેગન મોન્ડનો કેસ

(D) છ સુથારોનો કેસ

184. A undertakes to repay B a loan of Rs. 1000/- by 5 equal installments, with a stipulation that, in default of payment of any installment, the whole shall become due. Here the _____ .

(A) stipulation is by way of penalty and cannot be enforced.

(B) stipulation is not by way of penalty, and the contract may be enforce according to its terms.

(C) agreement is voidable.

(D) agreement is void

185. In which case the rule of absolute liability was evolved?

(A) Ryland v. Fletcher (1868) LR 3 HL 330.

(B) M.C. Mehta v. Union of India AIR 1987 SC 965.

(C) Donoghue v. Stevenson (1932) AC 562.

(D) Sri Ram Food Gas Leakage Case

186. Which of the following maxim is a good defence to an action of Tort?

(A) Res IpsaLoquitor

(B) Distress damage feasant

(C) Volenti non fit injuria

(D) Ubi jus ibiremedium

187. The exception of Vis Major of the principle of Strict Liability laid down in the case of Rylands v. Fletcher is _____ .

(A) not followed by Indian Courts.

(B) strictly followed by Indian Courts.

(C) implemented by amending the relevant laws in India.

(D) inserted in the Constitution of India.

188. On which principle the concept of Vicarious Liability is based?

(A) Damnum sine injuria

(B) Injuria sine damnum

(C) Res IpsaLoquitor

(D) Qui facit per aliumfacit per se

189. Which of the following is case is related with the Remoteness of Damages under the Law of Torts ?

(A) Donoghue v. Stevenson

(B) Youssoupoff v. Metro Golden Mayors Pictures

(C) Wagon Mound's Case

(D) Six Carpenters' case

190. સહાયક ઉપેક્ષા એ .......... .

(A) ઉપેક્ષાનો એક પ્રકાર છે.

(B) ઉપેક્ષા અંગેની કાર્યવાહીમાં સારો બચાવ છે.

(C) અપકૃત્યકર્તા તરફેની વધારાની ઉપેક્ષા છે.

(D) ઉપરના પૈકી કંઈપણ નથી.

191. અપકૃત્યોના કાયદામાં નીચેના પૈકી કયો કેસ જાહેર ઉપદ્રવ સંબંધી છે ?

(A) સોલ્ટેઉ વિ. ડી'હેલ્ડ

(B) હૉલીવુડ વિ. ઍમિટ

(C) સ્ટીફન વિ. મેયર્સ

(D) સ્કૉટ વિ. શેફર્ડ

192. "કાયદા દ્વારા નક્કી કરાયેલ પ્રાથમિક ફરજનો ભંગ થાય ત્યારે અપકૃત્યજન્ય જવાબદારી ઉપસ્થિત થાય છે, આ ફરજ સામાન્યતઃ લોકો પ્રત્યેની હોય છેઅને તેના ભંગ બદલની કાર્યવાહીમાં અનિશ્ચિત નુકસાન વળતરની દાદ માગી શકાય છે." નીચેના પૈકી કયા ન્યાયવિદ્દે આ વિધાન કરેલ છે ?

(A) સામંડ

(B) પૉલોક

(C) વિનફીલ્ડ

(D) પૅટન

193. અપકૃત્યનો અર્થ શું છે ?

(A) દીવાની દુષ્કૃત્ય જેમાં નિશ્ચિત નુકસાન વળતર માગી શકાય છે.

(B) દીવાની દુષ્કૃત્ય જેમાં અનિશ્ચિત નુકસાન વળતર માગી શકાય છે.

(C) ખાનગી અધિકારનો ભંગ છે, જે કેદની સજાને પાત્ર છે.

(D) કાનૂની ઉપાય વિનાનું દીવાની દુષ્કૃત્ય છે.

194. "કાનૂની ઈજા વિનાનું નુકસાન" (Damnum sine Injuria) એટલે શું ?

(A) ખરેખરા નુકસાન વગરનો કાનૂની અધિકારનો ભંગ

(B) કાનૂની અધિકારના ભંગ વિના થયેલ ખરેખરું નુકસાન

(C) નહીં ખરેખરું નુકસાન કે નહીં કોઈ કાનૂની અધિકારનો ભંગ

(D) વૈયક્તિક ઈજાથી પિડિત

195. "સ્વેચ્છાએ સ્વીકારેલ હાનિ વળતરપાત્ર નથી." (Volenti Non Fit Injuria) નો અર્થ શું છે ?

(A) જે સ્વેચ્છાએ ઈજા પહોંચાડે છે તેણે સાબિત થયે વળતર ચૂકવવાનું રહેશે.

(B) જે સ્વચ્છાએ પડોશીને ઈજા પહોંચાડે છે તેણે નુકસાન વળતર ચૂકવવું પડશે.

(C) જે સ્વેચ્છાએ જોખમ સ્વીકારે છે તે ઈજા થયે વળતર માગી શકે નહીં.

(D) જે પોતાને સ્વેચ્છાએ હાનિ પહોંચાડે છે, તે વળતર માગી શકે નહીં.

190. Contributory negligence is _____ .

(A) a kind of negligence

(B) a good defence in an action for negligence

(C) called additional negligence on the part of wrong doer.

(D) None of the above

191. Which of the following case is relating to public nuisance under the Law of Torts ?

(A) Soltau v. De Held

(B) Hollywood v. Emmitt

(C) Stephen v. Myers

(D) Scott v. Shepherd

192. "Tortuous Liability arises from the breach of duty primarily fixed by the law, this duty is towards persons generally and its breach is redressable by an action for unliquidated damages. Which of the following jurists made this statement ?

(A) Salmond

(B) Pollok

(C) Winfield

(D) Patton

193. What is the meant by Tort?

(A) civil wrong for which liquidated damages can be claimed.

(B) civil wrong for which unliquidated damages can be claimed.

(C) violation of private right punishable with imprisonment.

(D) civil wrong without legal remedy.

194. What is meant by 'damnum sine injuria'?

(A) violation of legal right without actual loss.

(B) suffering actual loss without violation of legal right.

(C) neither suffering any loss nor violation of any legal right.

(D) suffering personal injuries.

195. What is meant by 'volenti non fit injuria'?

(A) He who voluntarily causesinjury has to pay damages on proof.

(B) He who voluntarily hurts a neighbour must pay damages

(C) He who voluntarily accepts risk cannot claim damages on injury.

(D) He who voluntarily hurts oneself, cannot claim damages.

196. નીચેના પૈકી કયા કેસમાં 'X' સફળતાપૂર્વક "સ્વેચ્છાએ સ્વીકારેલ હાનિ નુકસાન વળતરને પાત્ર નથી"નો બચાવ લઈ શકે ?

(A) 'X' ક્રિકેટ મેચ આયોજિત કરે છે જેમાં બેટ્સમેને મારેલ ગગનચુંબી છક્કાથી દર્શક ઘાયલ થાય છે.

(B) 'X' ઘોડા દોડ આયોજિત કરે છે. 'X' રેસ આયોજિત કરતી વખતે કાનૂની સુરક્ષા નિયંત્રણો રાખવામાં નિષ્ફળ જતાં દર્શકને ઈજા થાય છે.

(C) 'X' નામનો રમતવીર ઈરાદાપૂર્વક પ્રતિસ્પર્ધીને ઈજા પહોંચાડે છે.

(D) 'X' બેકાળજી પૂર્વક તેની કાર ઢોળાવ પર પાર્ક કરે છે, જે રસ્તા પર સરકવા માંડે છે. 'Y' એક બાળકને સરકતી કારના રસ્તામાં આવતો જુએ છે અને બાળકને બચાવવા જતાં તેને ઈજા પહોંચે છે.

197. ઉત્પાદક છૂટક વિક્રેતાને આંતરવસ્ત્ર વેચે છે, જેણે તે ગ્રાહકને વેચાણે આપ્યા, ગ્રાહકે તેનાં મિત્રને આપ્યા, તેણે આ પહેરતાં ગંભીર ચર્મરોગ થયો. ડોનોગ્યુ વિ. સ્ટીવન્સનનો કેસ લાગુ પાડતાં અપકૃત્યોના કાયદા અન્વયે કોણ ગ્રાહકને જવાબદાર બનશે ?

(A) છૂટક વિક્રેતા
(B) ઉત્પાદક
(C) (A) અને (B) બંને
(D) (A) કે (B) કોઈ નહીં

198. નીચેના પૈકી કયું દુષ્કૃત્ય ગુના સહિતનું અપકૃત્ય (Felonious Tort) છે ?

(A) જાહેર ઉપદ્રવ
(B) ઉપેક્ષા
(C) અપલેખન
(D) ઉપરના તમામ

199. ગ્રાહક સુરક્ષા અધિનિયમ હેઠળ જિલ્લા ફોરમની નાણાંકીય હકુમત રૂા. .......... સુધીની છે.

(A) ત્રીસ લાખ
(B) પચાસ લાખ
(C) વીસ લાખ
(D) દસ લાખ

200. નીચેના પૈકી કોણ ગ્રાહક સુરક્ષા ધારા અન્વયે ગ્રાહકની વ્યાખ્યામાં સમાવિષ્ટ થતો નથી ?

(A) જે અવેજથી કોઈ સેવા રાખે છે.

(B) જે વાણિજ્ય હેતુ માટે કોઈ માલ ખરીદે છે.

(C) જે અવેજ આપીને કોઈ માલ ખરીદે છે.

(D) જે અવેજ આપી કોઈ સેવા ખરીદે છે.

201. બદનક્ષીના અપકૃત્ય સામેની કાર્યવાહીમાં નીચેના પૈકી કયો બચાવ છે ?

(A) સત્ય દ્વારા યથાર્થતા
(B) યોગ્ય અને વ્યાજબી ટીકા
(C) વિશેષાધિકારો સાથેના વચનો
(D) ઉપરના તમામ

196. In which out of the following cases X can successfully take the defence of volenti non fit injuria?

(A) X organized a cricket match. The spectator was hurt from a sky high sixer hit by a batsman.

(B) X organized a horse race. The spectator was hurt as X failed to perform statutory safety obligations in organizing the race.

(C) X, a player deliberately hurts a co-player in a match.

(D) X negligently leave his car parked on a slope from which the car starts sliding down the road. Y saw a child coming in the way of the sliding car and hurts himself while rescuing the child.

197. A manufacturer sold an undergarment to retailer who sold it to a consumer who, in turn, gave it to his friend who wore it and got serious skin disease. Applying the case of Donoghue v.Stevenson who will be liable to the consumer under law of torts?

(A) Retailer

(B) Manufacturer

(C) Both A and B

(D) Neither A nor B

198. Which of the following wrongful acts are Felonious Tort ?

(A) Nuisance

(B) Negligence

(C) Libel

(D) All the above

199. Under the Consumer Protection Act the pecuniary jurisdiction of a District Forum is up to Rupees ______ .

(A) Thirty Lakhs

(B) Fifty Lakhs

(C) Twenty Lakhs

(D) Ten Lakhs

200. From the following who does not fall within the definition of "Consumer" under the Consumer Protection Act ?

(A) Who hires any services for a consideration

(B) Who buys any goods for a commercial purposes

(C) Who buys any goods for consideration

(D) Who avails of any services for a consideration

201. Which out of the following are defences to an action of the Tort of Defamation?

(A) Justification by truth.

(B) Fair and bonafide comment.

(C) Privileged communications.

(D) All the above

202. અપલેખનની સામેની કાર્યવાહીમાં શું સાબિત કરવું પડે છે ?

(A) વિધાન કાયમી સ્વરૂપમાં હોવું જોઈએ.

(B) વિધાન ખોટું, બદનક્ષીકારક અને વાદીને અનુલક્ષીને કરેલ હોવું જોઈએ.

(C) વિધાન પ્રસિધ્ધ થયેલ હોવું જોઈએ.

(D) ઉપરના તમામ

203. ઔદ્યોગિક વિવાદ ધારા, 1947 અન્વયે નીચેના પૈકી કોનો "ઉદ્યોગ"ની વ્યાખ્યામાં સમાવેશ થાય છે ?

(A) ઈન્ડીયન રેડ ક્રોસ સોસાયટી

(B) ફીઝીકલ રીસર્ચ લેબોરેટરી

(C) રાજ્યનો વનવિભાગ

(D) ચેરિટેબલ ટ્રસ્ટ દ્વારા સંચાલિત હોસ્પિટલ

204. નોકરીના સ્થળને ટૂંકા સમયગાળા માટે બંધ કરવું કે કામને સ્થગિત કરવું .......... તરીકે ઓળખાય છે.

(A) લે ઑફ

(B) સ્થગિત

(C) તાળાબંધી

(D) બરતરફી

205. ઔદ્યોગિક વિવાદ ધારા, 1947 અન્વયે સમાધાન અધિકારીએ સમાધાન પ્રક્રિયા શરૂ થયેથી .......... દિવસમાં તેનો અભિપ્રાય મોકલવો જોઈશે.

(A) દસ

(B) ચૌદ

(C) પિસ્તાલીસ

(D) ત્રીસ

206. ઔદ્યોગિક વિવાદ ધારા, 1947 ની જોગવાઈઓ મુજબ કોઈપણ વ્યક્તિ .......... હડતાલ પર જશે નહીં.

(A) સમાધાન પ્રક્રિયા પૂર્ણ થયા બાદ સાત દિવસમાં

(B) નોટિસમાં નિર્દિષ્ટ હડતાલની તારીખ પૂરી થાય તે પહેલાં

(C) સમાધાન અધિકારી સમક્ષ સમાધાન પ્રક્રિયા પડતર હોય તે દરમ્યાન

(D) ઉપરોક્ત તમામ

207. ઔદ્યોગિક વિવાદ (સુધારા) ધારા, 1982 દ્વારા અમુક એકમોની બાબતની લે ઑફ છટણી કે તાળાબંધીની જોગવાઈઓ અમલી બનાવતી વખતે જરૂરી કામદારોની સંખ્યા ..........

(A) 10 થી 100 વધારવામાં આવી.

(B) 200 થી 100 સુધી ઘટાડવામાં આવી.

(C) 300 થી 100 સુધી ઘટાડવામાં આવી.

(D) ઉપર પૈકી કોઈ નહીં

208. ઔદ્યોગિક વિવાદ ધારા, 1947 ની કલમ 22(b) ની જોગવાઈ મુજબ હડતાલ પર જતા પહેલાં માલિકને કેટલા દિવસની નોટિસ આપવી જરૂરી છે ?

(A) ત્રીસ

(B) ચૌદ

(C) સાઈઠ

(D) પિસ્તાળીસ

202. What is required to be proved in an action for libel?

(A) the statement must be in some permanent form.

(B) the statement must be false and defamatory referred to plaintiff

(C) the statement must be published.

(D) All the above

203. Which of the following is covered within the definition of 'Industry' under the Industrial Disputes Act, 1947 ?

(A) Indian Red Cross Society
(B) Physical Research Laboratory
(C) Forest Department of State
(D) Hospital run by a Charitable Trust

204. Temporary closure of place of employment or suspension of work is known as _____ .

(A) Lay off
(B) Suspension
(C) Lock out
(D) Dismissal

205. Under the Industrial Disputes Act, 1947, the Conciliation Officer must submit his report within _____ days of the commencement of the conciliation proceedings.

(A) Ten
(B) Fourteen
(C) Forty Five
(D) Thirty

206. As per the provisions of the Industrial Disputes Act, 1947, no person shall go on strike _____ .

(A) Within seven days after the conclusion of the Conciliation Proceedings.

(B) Before the expiry of the date of strike specified in notice

(C) During the pendency of any Conciliation Proceedings before the Conciliation Officer

(D) All the above

207. By the enactment of the Industrial Disputes (Amendment) Act, 1982, the number of workmen necessary for the applicability of provisions relating to lay-off, retrenchment and closure in certain establishments was _____ .

(A) Increased from 10 to 100
(B) Brought down from 200 to 100
(C) Was brought down from 300 to 100
(D) None of the above

208. Before going on strike how many days notice to the employer is necessary as per the provisions of section 22(b) of the Industrial Disputes Act, 1947 ?

(A) Thirty
(B) Fourteen
(C) Sixty
(D) Forty five

209. ઔદ્યોગિક વિવાદ ધારા, 1947 ની જોગવાઈઓ મુજબ જે માલિક ગેરકાયદેસર તાળાબંધી શરૂ કરે કે ચાલુ રાખે તે .......... ની સજાને પાત્ર બનશે.

(A) એક માસ સુધીની કેદની સજા અથવા રૂા. 500/- સુધીનો દંડ અથવા બંને

(B) એક માસ સુધીની કેદની સજા

(C) એક માસ સુધીની કેદની સજા અથવા રૂા. 1000/- સુધીનો દંડ અથવા બંને

(D) રૂા. 1000/- સુધીનો દંડ

210. ટ્રેડ યુનિયન એક્ટ .......... ના રોજ અમલમાં આવ્યો.

(A) 25 માર્ચ, 1927

(B) 25 માર્ચ, 1925

(C) 25 માર્ચ, 1926

(D) 25 માર્ચ, 1924

211. કયા ટ્રેડ યુનિયન સુધારા અધિનિયમથી ટ્રેડ યુનિયનના સભ્ય બનવા માટેની ન્યૂનતમ જરૂરિયાત ઉમેરવામાં આવી ?

(A) ટ્રેડ યુનિયન સુધારા અધિનિયમ, 1964

(B) ટ્રેડ યુનિયન સુધારા અધિનિયમ, 1982

(C) ટ્રેડ યુનિયન સુધારા અધિનિયમ, 1942

(D) ટ્રેડ યુનિયન સુધારા અધિનિયમ, 2001

212. ઔદ્યોગિક વિવાદ ધારા, 1947 હેઠળ લેબર કોર્ટે એવોર્ડ પસાર કર્યા બાદ સમૂચિત સરકાર (એવોર્ડ) મળ્યા તારીખથી .......... દિવસમાં પ્રસિધ્ધ કરશે.

(A) પિસ્તાલીસ

(B) નેવું

(C) ત્રીસ

(D) સાઠ

213. ટ્રેડ યુનિયન્સ એક્ટ હેઠળ ટ્રેડ યુનિયનની નોંધણી માટે કઈ જરૂરિયાતો પરિપૂર્ણ કરવી પડે છે ?

(A) ઉદ્યોગમાં રોકેલ અથવા નોકરી કરતાં 10% કામદારોનું પ્રતિનિધિત્વ હોવું જોઈએ.

(B) ઓછામાં ઓછા સાત સભ્યો હોવા જોઈએ.

(C) ટ્રેડ યુનિયન પાસે ન્યૂનતમ સો કામદારો તે ઉદ્યોગમાં રોકેલ હોવા જોઈએ કે નોકરી કરતા હોવા જોઈએ.

(D) ઉપરોક્ત તમામ

214. ઔદ્યોગિક વિવાદ ધારા, 1947 અન્વયે અનુચિત શ્રમપ્રથા (Unfair Labour Practice) કરવા માટે શું શિક્ષા સૂચવેલ છે ?

(A) છ માસ સુધીની કેદની સજા અથવા રૂા. 1000/- સુધીનો દંડ અથવા બંને

(B) સાત માસ સુધીની કેદની સજા અથવા દંડ અથવા બંને

(C) એક વર્ષ સુધીની કેદની સજા અથવા રૂા. 5000/- સુધીનો દંડ અથવા બંને

(D) નવ માસની કેદની સજા અથવા રૂા. 7500/- નો દંડ અથવા બંને

209. As per the provisions of the Industrial Disputes Act, 1947, an employer, who commences or continues an illegal lock-out shall be punished with _____ .

(A) Imprisonment upto one month or fine uptoRs. 500/- or both

(B) Imprisonment upto one month

(C) Imprisonment upto one month or fine uptoRs. 1000/- or both

(D) Fine uptoRs. 1000/-

210. Trade Unions Act enacted on _____ .

(A) 25th March 1927 (B) 25th March 1925

(C) 25th March 1926 (D) 25th March 1924

211. By which of the Trade Unions Amendment Act, the minimum requirement about the membership of Trade Union is inserted ?

(A) The Trade Unions (Amendment) Act, 1964

(B) The Trade Unions (Amendment) Act, 1982

(C) The Trade Unions (Amendment) Act, 1942

(D) The Trade Unions (Amendment) Act, 2001

212. Under the Industrial Disputes Act, 1947, the appropriate government shall publish the award passed by Labour Court within __________ days from the date of receipt.

(A) Forty Five (B) Ninety

(C) Thirty (D) Sixty

213. What are the requirements to be fulfilled for the registration of a Trade Union under the Trade Unions Act ?

(A) Must represent 10 % of the workmen engaged or employed in that industry

(B) Must have a minimum seven members

(C) Must have its members at least one hundred workmen engaged or employed in that industry.

(D) All of the above

214. What is the penalty prescribed under the Industrial Disputes Act, 1947 for committing unfair labour practice ?

(A) Imprisonment upto six months or fine uptoRs. 1000/- or both

(B) Imprisonment upto seven months or fine uptoRs. 2000/- or both

(C) Imprisonment upto one year or fine uptoRs. 5000/- or both

(D) Imprisonment upto Nine months or fine uptoRs. 7500/- or both

215. નીચેના પૈકી કઈ વચનચિઠ્ઠી છે ?

(A) હું 'D' ને રૂા. 1000/- અને કાળો ઘોડો આગામી 1 ડિસેમ્બરના રોજ આપશે.

(B) હું 'D' ને રૂા. 1000/- તથા બીજું બધું જ બાકી ચૂકવવાપાત્ર દેવું ચૂકવવાનું વચન આપું છું.

(C) હું 'D' ને રૂા. 1000/- કે હુકમ મુજબ ચૂકવવાની બાંહેધરી આપું છું.

(D) મિ. 'D' હું તમારા રૂા. 1000/- નો દેવાદાર છું.

216. પરાક્રમ્ય લેખ ધારા, 1881 ની કઈ કલમ "ઇલેક્ટ્રોનિક ચેક"ની વ્યાખ્યા આપે છે ?

(A) કલમ 8(1)

(B) કલમ 7 ની સમજૂતી (2) D

(C) કલમ 5 (1) C

(D) કલમ 6 ની સમજૂતી (1) A

217. જ્યારે કોઈ બિલનો ડ્રોઈ ચોક્કસ બેંક હોય તો આવા પરાક્રમ્ય લેખને .......... કહેવાય છે.

(A) અપૂર્ણ સ્ટેમ્પવાળો લેખ

(B) ચેક

(C) દ્વીઅર્થી લેખ

(D) ક્ષતિયુક્ત લેખ

218. "પોતાની પાસે હોય તેનાથી વધુ સારું ટાઈટલ કોઈપણ આપી ન શકે." પરાક્રમ્ય લેખ ધારા, 1881 અન્વયે નીચેના પૈકી કોણ આ વિધાનનો અપવાદ છે ?

(A) જરૂરિયાતના સમયનો ડ્રોઈ

(B) લેખ લખનાર - ડ્રોઅર

(C) યથાનુક્રમે ધારણ કરનાર

(D) કુલમુખ્યત્યારનામુ ધારણ કરનાર

219. પરાક્રમ્ય લેખ ધારા, 1881 ની કલમ 138 અન્વયે સજાને પાત્ર ગુનામાં પ્રકરણ 17 માં સુધારા બાદ અદાલત દંડની મહત્તમ રકમ કરી શકે ?

(A) અનાદર થયેલ ચેકની રકમથી અડધી રકમ

(B) અનાદર થયેલ ચેકની રકમ જેટલી જ રકમ

(C) અનાદર થયેલ ચેકની રકમથી ત્રણ ગણી રકમ

(D) અનાદર થયેલ ચેકની રકમથી બમણી રકમ

220. પરાક્રમ્ય લેખ ધારા, 1881 અન્વયે ચેકનો અનાદર થયેથી ઉપસ્થિત ફોજદારી કાર્યવાહીમાં ચેક લખનાર (ડ્રોઅર) માટે નીચેના પૈકી કયો સારો બચાવ છે ?

(A) ચેક આપ્યા બાદ ડ્રોઅરે "સ્ટોપ પેમેન્ટ"ની સૂચના આપી હોય.

(B) ડ્રોઅર દ્વારા ખાતુ બંધ કરવામાં આવેલ હોય.

(C) ડ્રોઅરે લેણદારને કોઈ કાનૂની દેવાના સંદર્ભમાં ચેક લખેલ ન હોય.

(D) ડ્રોઅરે લેણદારને લેખિતમાં ચેક જમા ન કરાવવાની નોટિસ આપવા છતાં ચેક જમા કરાવેલ હોય.

215. Which of the following is Promissory Note?

(A) I promise to pay DRs. 1000 and to deliver to him black horse on 1st December next.

(B) I promise to pay D Rs. 1000 and all other sums which shall be due to him

(C) I promise to pay D Rs. 1000 or order.

(D) Mr. D, IOU Rs. 1000

216. Which Section of Negotiable Instrument Act, 1881 defines "cheque in electronic form"?

(A) Section 8 (1)

(B) Explanation (2) D of Section 7

(C) Section 5 (1) C

(D) Explanation (1) A of Section 6

217. When a drawer in any Bill of Exchange is a specified Banker, such Negotiable Instrument is called _____ .

(A) Inchoate Stamped Instrument

(B) Cheque

(C) Ambiguous Instrument

(D) Defective Instrument

218. "No one can give better title than what he himself is having." Which of the following under the Negotiable Instruments Act, 1881 is an exception to this statement?

(A) Drawee in case of Need

(B) Drawer of the instrument

(C) Holder in due course

(D) Power of Attorney holder

219. What is the maximum limit of imposing fine by a court in a criminal trial under section 138 of the Negotiable Instruments Act, 1881 after amendment in Chapter XVII?

(A) Half of the amount written in a dishonoured cheque

(B) Equivalent to the amount written in a dishonoured cheque

(C) Thrice the amount written in a dishonoured cheque

(D) Twice the amount written in a dishonoured cheque

220. Which of the following is a good defence for a drawer of a cheque in criminal proceedings due to dishonour of cheque under section 138 of the Negotiable Instruments Act, 1881 ?

(A) Instruction of "Stop Payment" given by drawer after issuance of cheque

(B) Account is closed by the drawer.

(C) Cheque is not issued pursuant to any legal debt by drawer to creditor.

(D) Cheque is deposited in spite of written notice by drawer to the creditor informing him not to deposit cheque

221. પરાક્રમ્ય લેખ ધારા, 1881 ની કલમ 138 હેઠળના ચેક લખનાર (ડ્રોઅર) સામેના ફોજદારી ખટલામાં ચેક લખનારનું ગુનાહિત માનસ (Mens Rea) .......... છે.

(A) પ્રસ્તુત

(B) કેસનો નિર્ણય કરવામાં સૌથી મહત્ત્વનું પરિબળ

(C) ફરિયાદ પક્ષે વ્યાજબી શંકાથી પર જઈ સાબિત કરવાનું રહે

(D) તદ્દન અપ્રસ્તુત

222. વિનિમયપત્રમાં ડ્રોઅર દ્વારા ડ્રોઈને .......... ચોક્કસ રકમ પેઈને ચૂકવવા જણાવવામાં આવે છે.

(A) બિનશરતી વચન આપી

(B) બિનશરતી હુકમ કરી

(C) બિનશરતી વિનંતી કરી

(D) બિનશરતી દેવાનો સ્વીકાર કરી

223. પરાક્રમ્ય લેખ ધારા, 1881 ની કલમ 138 અન્વયેના ગુનાનો ..........

(A) પક્ષકારો પોતે જ માંડવાળ કરી શકે છે.

(B) માંડવાળ થઈ જ શકતી નથી.

(C) પક્ષકારો અદાલતની પરવાનગીથી માંડવાળ કરી શકે છે.

(D) માંડવાળ અદાલત પોતાની મેળે (Suomotu) કરી શકે છે.

224. નીચેના પૈકી શેમાં A અને B ભાગીદારો છે ?

(A) A અને B બંને વચ્ચે વહેંચણી કરવાનું નક્કી કરી 100 રૂા. ની ગાંસડીઓ ખરીદે છે.

(B) A અને B સુથાર તરીકે સાથે કામ કરવા સંમત થાય છે પરંતુ તેમાં A પુરેપુરો નફો લેશે અને B ને વેતનની ચૂકવણી કરશે.

(C) A, B નામના સોની સાથે સોનુ ખરીદી અને તેને આપવા સંમતિ દર્શાવે છે, જેનું તે ઘડામણ કરી વેચશે અને તેમાંથી મળતો નફો કે નુકસાનની તેઓ વહેંચણી કરશે.

(D) ઉપરોક્ત તમામમાં

225. ભાગીદારીમાં લાભાર્થે દાખલ કરવામાં આવેલ સગીરના હકો અને જવાબદારીઓ શું છે ?

(A) નક્કી થયો હોય તેટલો નાણાંમાંથી અને પેઢીના નફામાંથી ભાગ મેળવવાનો હક

(B) સગીરનો હિસ્સો પેઢીના કૃત્યો માટે જવાબદાર બને છે પરંતુ આવા કૃત્યો માટે સગીર વ્યક્તિગત રીતે જવાબદાર નથી.

(C) પુખ્ત વયનો થયે (સગીર) ભાગીદાર બની શકે.

(D) ઉપરના તમામ

226. માલ વેચાણ ધારા, 1930 માં "માલ"ની વ્યાખ્યામાં કોનો સમાવેશ થશે ?

(A) વાદ યોગ્ય દાવો

(B) વીજ શક્તિ

(C) પાણી અને પાઈપમાં આવતો રાંધણ ગેસ

(D) ઉપરના પૈકી કોઈ નહીં

221. In a criminal trial under section 138 of the Negotiable Instruments Act, 1881 against drawer of a cheque Mens Rea of drawer is _____ .

(A) Relevant

(B) Most Important factor in deciding case

(C) To be proved beyond reasonable doubt by the prosecution.

(D) Quite irrelevant

222. In Bill of Exchange, there is _____ by the drawer to the drawee to pay certain sum of money to payee.

(A) Unconditional Undertaking

(B) Unconditional Order

(C) Unconditional Request

(D) Unconditional acknowledgement of debt

223. The offences punishable under section 138 of the Negotiable Instruments Act, 1881 _____ .

(A) Can be compounded by the litigants themselves.

(B) Cannot be compounded at all

(C) Can be compounded by the litigants with the permission of Court

(D) Can be compounded by the court suomotu

224. In which out of the following A and B are partners?

(A) A and B buy 100 bales of cotton, agreeing to share it between them.

(B) A and B agree to work together as carpenters, but that A shall receive all profits and shall pay wages to B.

(C) A agrees with B, a gold smith, to buy and furnish gold to B, to be worked up by him and sold, and that they shall share in the resulting profit or loss.

(D) In all the above cases.

225. What are the rights and liabilities of a minor admitted to the benefits of the partnership?

(A) right to such share of the money, and profits of firm as may be agreed upon.

(B) minor's share is liable for the acts of the firm, but minor is not personally liable for any such act.

(C) may become partner on attaining majority.

(D) All the above

226. Which are included within the definition of 'goods' under the Sale of Goods Act, 1930?

(A) actionable claims.

(B) electrical energy.

(C) supply of water and piped cooking gas.

(D) none of the above

227. માલ વેચાણ ધારા, 1930 અન્વયે નીચેના પૈકી શું "વેચાણ કરાર" ગણી શકાશે ?

(A) વૈધાનિક ફરજિયાતપણા હેઠળનું વેચાણ

(B) ખોદીને ઢગલા કરી રાખેલ લોખંડની કાચી ધાતુનો વેચાણનો કરાર

(C) કાપીને વેચાણ કરવા સમજૂતી થઈ હોય તેવા વૃક્ષોનો વેચાણ કરાર

(D) ઉપરોક્ત તમામ

228. માલ વેચાણ ધારા હેઠળ નીચેના પૈકી કયો કામ અને મજૂરીનો કરાર છે ?

(A) A, B માટે નકલી દાંત, A ના જ પુરા માલમાંથી બનાવવા વચન આપે છે અને B જ્યારે (દાંત) બની જાય ત્યારે નાણા ચૂકવવાનું વચન આપે છે.

(B) A, B માટે ચિત્ર દોરવાનું વચન આપે છે. A રંગ અને કેનવાસનો ઉપયોગ કરે છે, જે નજીવી કિંમતનાં છે, અને B ચિત્રને કળાનો પ્રકાર ગણી નાણા ચૂકવવાનું વચન આપે છે.

(C) (A) અને (B) બંને

(D) ઉપરના પૈકી કોઈ નહીં

229. માલ વેચાણ ધારા, 1930 અન્વયે વેચનાર દ્વારા શરતોનો ભંગ થયેથી ખરીદનારને કયો હક મળે છે ?

(A) કરાર રદ્દ કરવો

(B) શરત ત્યજવી

(C) શરતભંગને બાંહેધરીભંગ તરીકે ગણવી

(D) ઉપરના તમામ

230. માલ વેચાણ ધારા, 1930 હેઠળ નીચેના પૈકી કઈ પરોક્ષ બાંહેધરી છે ?

(A) ટાઈટલને લગતી પરોક્ષ શરત

(B) માલ વેચી શકાય તેવી ગુણવત્તાનો છે તેવી પરોક્ષ શરત

(C) ખરીદનારની પાસે માલનો શાંત કબજો રહેશે અને તે ભોગવી શકશે તેવી પરોક્ષ બાંહેધરી

(D) ઉપરના તમામ

231. માલ વેચાણ ધારા, 1930 અન્વયે વણચૂકવાયેલ વેચનારનો માલ સામે કયો અધિકાર છે ?

(A) લીયન
(B) માર્ગમાં (માલ) અટકાવવો
(C) ફેર-વેચાણ
(D) ઉપરના તમામ

232. "પોતાના સહભાગીદારો પ્રત્યેની એક ભાગીદારની જવાબદારી એ ખરેખર પ્રિન્સિપાલની તેનાં એજન્ટના કાર્ય માટેની જવાબદારી છે." આ નિયમ .......... ના કેસમાં, પ્રસ્થાપિત થયો.

(A) કોક્સ વિ. હિકમેન
(B) ટ્રેગો વિ. હન્ટ
(C) જી.આઈ.પી. રેલવે કંપની વિ. હનુમાનદાસ
(D) પોપ્યુલર ફિલ્મ્સ વિ. નલીની સાઈગલ

227. Which out of the following amount to 'Contract of Sale' under the Sale of Goods Act, 1930?

(A) sale under statutory compulsion.

(B) Contract for sale of iron ores which have been extracted and kept in heaps.

(C) Contract for sale of trees agreed to be cut before sale.

(D) All of the above

228. Which out of the following is 'contract for work and labour' under the Sale of Goods Act?

(A) A promises to make a set of false teeth for B with material wholly of A, and B promises to pay for them when made.

(B) A promises to paint a picture for B. A uses the paint and canvas which are of small value and B promises to pay for the picture as work of art.

(C) Both A and B.

(D) None of the above.

229. What are the rights of the buyer on breach of a condition by the seller under the Sale of Goods Act, 1930?

(A) repudiate of contract.

(B) waive the condition.

(C) treat the breach of condition as breach of warranty.

(D) all the above

230. What are the implied undertakings under the Sale of Goods Act, 1930?

(A) Implied condition as to title.

(B) Implied condition that the goods are of merchantable quality.

(C) Implied warranty that the buyer shall have and enjoy quiet possession of goods.

(D) All the above

231. What are the rights of unpaid seller against the goods under the Sales of Goods Act, 1930?

(A) lien.

(B) stoppage in transit

(C) re-sale.

(D) all the above

232. "The liability of one partner for the acts of his co-partners is in truth the liability of a principal for the acts of his agent." This rule is laid down in the case of _____ .

(A) Cox v. Hickman

(B) Trego v. Hunt

(C) G.I.P. Railway Co. v. Hanmandas

(D) Popular Films v. NaliniSaigal

233. ભાગીદારી ધારા, 1932 હેઠળ નોન-બેંકિંગ બિઝનેસ અંગેની ભાગીદારીની રચના કરવા માટે મહત્તમ કેટલા ભાગીદારો હોઈ શકે ?

(A) દસ
(B) ત્રીસ
(C) પાંત્રીસ
(D) વીસ

234. સ્વૈચ્છિક ભાગીદારીના કિસ્સામાં ભાગીદાર પેઢીમાંથી ગમે ત્યારે .......... નિવૃત્ત થઈ શકે.

(A) નોટિસ આપીને
(B) સંમતિથી
(C) સમજૂતી દ્વારા
(D) ઉપરની તમામ રીતે

235. કંપની ધારા હેઠળ કયો પ્રખ્યાત કેસ આંતરિક વહીવટનો સિધ્ધાંત સમજાવે છે ?

(A) ડેરી વિ. પીક
(B) સોલોમન વિ. સોલોમન એન્ડ કં.
(C) રોયલ બ્રિટીશ બેંક વિ. તરકંદ
(D) લંડન કન્ટ્રી કાઉન્સિલ વિ. એટર્ની જનરલ

236. પ્રચલિત કેસ એશબરી રેલવે કેરેજ કંપની લી. વિ. રીચી ના કેસમાં કંપની ધારા હેઠળનો કયો સિધ્ધાંત પ્રસ્થાપિત થયો ?

(A) સત્તા ઉપરવટનો સિધ્ધાંત
(B) નિગમિત વ્યક્તિત્વનો સિધ્ધાંત
(C) બુરખો ઉંચકવાનો સિધ્ધાંત
(D) ઉપરના પૈકી કોઈ નહીં

237. X એન્ડ કંપનીને રસ્તા પર ખાનગી ટેક્ષીઓ ચલાવવાની પરવાનગી હતી. કંપનીઓ મોટા પરિવહન મોટર વાહનો પણ ચલાવવાના શરૂ કર્યા. કંપનીનું આ કૃત્ય .......... છે.

(A) સત્તા ઉપરવટનું પરંતુ કાયદેસર
(B) સત્તા ઉપરવટનું અને રદબાતલ
(C) એક જ કૃત્ય અને તેથી કાયદેસર
(D) આનુષાંગિક પણ અનિયમિત

238. નીચેના પૈકી કયા કારણસર વિવેકાધીન સત્તા અન્વયે નિર્ણયોનું ન્યાયિક પુનઃરાવલોકન શક્ય છે ?

(A) ઉપપ્રત્યાયોજન
(B) દ્વેષબુધ્ધિપૂર્વકનો નિર્ણય
(C) સ્વયંરચિત નિર્ણયો દ્વારા વિવેકાધીન સત્તા પર અંકુશ
(D) ઉપરના તમામ કારણો

239. નીચેના પૈકી કયો પ્રત્યાયુક્ત વિધિનિર્માણ ઉપરના અંકુશનો પ્રકાર છે ?

(A) ન્યાયિક પુનઃરાવલોકન
(B) વિવેકાધીન સત્તા
(C) મુક્તિ આપવાની સત્તા
(D) ઉપરના પૈકી કોઈ નહીં

233. What is the maximum number of partners who can form Partnership in Non-Banking Business under the Partnership Act, 1932 ?

(A) Ten (B) Thirty

(C) Thirty Five (D) Twenty

234. In case of the "Partnership at will, a partner can retire from the firm at any time _____ .

(A) By notice (B) By Consent

(C) By Agreement (D) All the above

235. Which of the following famous case explains the Doctrine of Indoor Management ?

(A) Derry v. Peek

(B) Solomon v. Solomon & Co.

(C) Royal British Bank v. Turquand

(D) London County Council v. Attorney General

236. Which Doctrine of Company Law is laid down in the landmark case of Ashbury Railway Carriage Co. Ltd. v. Riche ?

(A) Doctrine of Ultra Vires (B) Doctrine of Corporate Personality

(C) Doctrine of Lifting the Veil (D) None of above

237. Company named 'X & Co.' was empowered to fun private taxies on the road. The company started running Heavy Transport Motor Vehicles. This act of aforesaid company is _____.

(A) Ultra Vires but valid (B) Ultra Vires and void

(C) Same and hence valid (D) Ancillary but irregular

238. On which of the following ground Judicial Review of Administrative decision is permissible ?

(A) Sub-delegation of Powers

(B) Malafide decision

(C) Imposing fetters by self-imposed rules of policy

(D) All the above grounds

239. Which out of the following is the mode of control over delegated legislation?

(A) Judicial Review (B) Administrative discretion.

(C) Power to exempt. (D) None of the above

240. બંદી પ્રત્યક્ષીકરણની રીટ અરજીનો ઉપયોગ .......... થાય છે.

(A) જાહેર સેવકને તેની ફરજિયાત પ્રકારની ફરજ બજાવવા આદેશ કરવા માટે

(B) હકુમત વગરનો કે ક્ષતિયુક્ત હુકમ રદબાતલ ઠરાવવા માટે

(C) વ્યક્તિને ગેરકાયદેસર અટકાયતમાંથી મુક્ત કરવા માટે

(D) પોતાને હકુમત ન હોય તેવા કેસમાં નીચલી અદાલત / ટ્રીબ્યુનલને કાર્યવાહી આગળ ચલાવતા રોકવા માટે

241. નીચેના પૈકી શું "કુદરતી ન્યાય" નો અર્થ સમાવિષ્ટ નથી ?

(A) ન્યાયાધિશ નિષ્પક્ષ અને તટસ્થ તેમજ પૂર્વગ્રહથી મુક્ત હોવો જોઈએ

(B) આખરી ચૂકાદા પૂર્વે ન્યાયાધિશે લોકોનો અભિપ્રાય લેવો જોઈએ

(C) ચૂકાદો આપતાં પહેલા ન્યાયાધિશે બંને પક્ષકારોને સાંભળવા જોઈએ

(D) ન્યાય માત્ર થવો જોઈએ તેટલું જ નહીં, પણ નિશંક રીતે અને (લોકોને) પ્રતિત પણ થવું જોઈએ કે ન્યાય થયો છે.

242. નીચેના પૈકી કઈ રીટ અરજીમાં સતત (રીટનું) કારણ ઉપસ્થિત થતું રહેતું હોઈ વિલંબનો પ્રશ્ન ઉભો થતો નથી ?

(A) પરમાદેશની રીટ
(B) પ્રતિષેધની રીટ
(C) અધિકારપૃચ્છાની રીટ
(D) ઉત્પ્રેષણની રીટ

243. વહીવટી પગલાંના ન્યાયિક પુનઃરાવલોકનનાં કિસ્સામાં દ્વેષબુધ્ધિનાં કારણમાં સાબિતીનો કાર્યભાર .......... .

(A) જે વ્યક્તિ દ્વેષબુધ્ધિનાં આક્ષેપો કરે તેના પર છે.

(B) જેની પર દ્વેષબુધ્ધિના આક્ષેપો થયા હોય તેના પર છે.

(C) હંમેશાં ફરિયાદ પક્ષ પર છે.

(D) ઉપરના પૈકી કોઈની ઉપર રહેતો નથી.

244. નીચેના પૈકી કયા કારણસર પરમાદેશની રીટ અરજી હાઈકોર્ટ કે સુપ્રિમ કોર્ટ દ્વારા રદ થઈ શકે છે ?

(A) કાયદામાં વૈકલ્પિક એટલો જ અસરકારક ઉપાય

(B) વકીલ બદલવાના કારણસર

(C) વકીલની રજા-ચિઠ્ઠી હોવાથી

(D) ઉપરના તમામ

240. Writ of Habeas Corpus is a writ used _____ .

(A) For directing a public officer to discharge his duty of imperative nature.

(B) For quashing and setting aside erroneous order or order without jurisdiction.

(C) For releasing a person from illegal confinement.

(D) For restraining lower court/tribunal from proceeding further in a case where it has no jurisdiction.

241. Which of the following is not included within the meaning of 'Natural Justice'?

(A) Judge should be impartial and neutral and must be free from bias

(B) Before final judgment, judge should take public opinion

